**ઊંઝાના મે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ. ઊંઝા.**

| | |
|---|---|
| ક્રિમીનલ કેસ નં. | ૩૬૦૭/૨૦૨૧. |
| આંકઃ | ૧૫. |

ફરિયાદીઃ– – એસ.બી.પટેલ,
ફૂડ સેફ્ટી ઓફિસર,
મદદનીશ કમિશનરશ્રીની કચેરી,
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,
બહુમાળી ભવન, ચોથો બ્લોક, ભોંયતળીયે, મહેસાણા. જિ.મહેસાણા.

**વિ રૂ દ્ધ**

આરોપીઃ– ૧. શ્રી પટેલ ભરતજી દાનાજી (નમુનો વેચાતો આપનાર)
(ફુડ બિઝનેશ ઓપરેટર અને તે પેઢીના માલીક)
મે. સર્વે:1/31/79, સાંઇબાબા એસ્ટેટની બાજુમાં ઉદય એસ્ટેટની પાસે,
મુ.પો.તા.ઉંઝા, જી.મહેસાણા.
રહે.મુ.બેવટા, જી.બનાસકાંઠા.

ગુનોઃ– – ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ, ૨૦૦૬ ની કલમ–3(1)(ZZ)(V) & (Viii) તથા 26(1), કલમ–26(2)(i), કલમ–26(2)(iii), કલમ–26(2)(v) અને કલમ– 27(1) તથા કલમ– 31(1) તથા કલમ–48(1)(a) નો ભંગ કરેલ હોવાનું જણાય છે જે આ કાયદાની કલમ–59(i) & 63 મુજબ દંડનીય અપરાધ અને શિક્ષાને પાત્ર ગુના બાબતે.

**// ઠ રા વ //**

(૧).. હાલના કામે ફરિયાદીએ આ કામના આરોપી સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ, ૨૦૦૬ ની કલમ– 3(1)(ZZ)(V) & (Viii) તથા 26(1), કલમ–26(2)(i), કલમ–26(2)(iii), કલમ–26(2)(v) અને કલમ– 27(1) તથા કલમ– 31(1) તથા કલમ–48(1)(a) નો ભંગ કરેલ હોવાનું જણાય છે જે આ કાયદાની કલમ–59(i) & 63 મુજબના દંડનીય અપરાધ બાબતે કરેલ છે. આ કામના ફરિયાદ પક્ષના પુરાવાના સ્ટેજ ઉપર છે. આજરોજ આરોપીએ હાજર થઈ તેઓ સદર ગુનાની કબુલાત કરતા હોવાનું જાહેર કરેલ છે.

(૨)..આરોપી તરફે આંક–૧૪ થી કબુલાસ પુરસીસ રજૂ કરેલ છે કે તેઓનો પ્રથમ ગુનો છે અને કાયદાની અજ્ઞાનતાના કારણે મજકૂર ગુનો બનેલ હોઈ અને પોતે ગુનો કબુલ કરતા હોઈ નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર ઓછામાં ઓછો દંડ કરવા રજૂઆત કરેલ છે તેમજ આંક–૧૩ થી આરોપીની પ્લી લેતાં તેઓએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

(૩).. આરોપી વિરૂદ્ધના આક્ષેપિત ગુનામાં કલમ–૫૯(૧) માં છ મહિના સુધીની કેદની સજા તથા એક લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. તેમજ કલમ–૬૩ માં છ મહિના સુધીની કેદની સજા તથા પાંચ લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. આથી આરોપી વિરૂદ્ધના આક્ષેપિત ગુનામાં સજાની જોગવાઈ અને આરોપીની રજૂઆત ધ્યાને લેતાં તથા તેની સાથે સાથે કમિશ્નર ઓફ ફૂડ સેફટીના પત્ર ક્રમાંકઃ LS/PCC/PGA/93844/L, તારીખ ૨૪/૦૮/૨૦૧૭ માં ઓછામાં ઓછો એક હજાર રૂપિયા સુધીનો અને આ કોર્ટની દંડ કરવાની સત્તા સુધીનો મહત્તમ દંડ કરી શકાય તેમ હોઈ તે તમામ હકીકત નિગાહે લેતાં અને મજકૂર કામે હાલની ગુના કબુલાત પુરસીસ આરોપી તરફે રજૂ થયેલ હોઈ નામદાર સર્વોચ્ચ અદાલતનો સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂદ્ધ સુખદેવસીંગનો ચુકાદો કે જે ૧૯૯૨ SSC (CRI) પાન નં.૭૦૪ તથા નામદાર અલ્હાબાદ હાઈકોર્ટની ડિવીઝન બેંચનો ચુકાદો કે જે રામકીશન વિરૂદ્ધ સ્ટેટ ઓફ યુપી, ૧૯૯૬ CRI LJ પાન નં.૪૪૦ ઉપર પ્રકાશીત થયેલ છે. તે વંચાણે લેતાં આરોપી ટ્રાયલના કોઈપણ તબક્કે

ગુના કબુલાત કરવા અધિકાર ધરાવતો હોઈ આરોપીની હાલની ગુના કબુલાત પુરસીસ અને નામદાર સર્વોચ્ચ અદાલતના ક્રિમીનલ અપીલ નં.૨૧૪/૨૦૧૬ નો ચુકાદો ધ્યાને લેતાં આરોપીને સી.આર.પી.સી. કલમ–૨૫૨ ની જોગવાઈઓ અંતર્ગત કબુલાતને આધીન તકસીર ઠરાવતો નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**–:: હુ ક મ ::–**

- આરોપી શ્રી પટેલ ભરતજી દાનાજીનાઓને સી.આર.પી.સી.કલમ–૨૫૨ અંતર્ગત ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ, ૨૦૦૬ ની કલમ– 3(1)(ZZ)(V) & (Viii) તથા 26(1), કલમ–26(2)(i), કલમ–26(2)(iii), કલમ–26(2)(v) અને કલમ– 27(1) તથા કલમ– 31(1) તથા કલમ–48(1)(a) નો ભંગ કરેલ હોવાનું જણાય છે જે આ કાયદાની કલમ–59(i) & 63 મુજબના દંડનીય અપરાધ અન્વયે તકસીરવાન ઠરાવી કલમ–59(i) અંગે રૂ.૨૫,૦૦૦/– તથા કલમ–63 અંગે રૂ.૨૫,૦૦૦/– એમ કુલ રૂ.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ભરવામાં કસુર કરે તો એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરૂં છું.
- આ કામના ફરિયાદીએ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૪[મી] માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૪/૦૩/૨૦૨૬.
સ્થળ – ઊંઝા.

**દેવિન્દ્રકુમાર અશોકકુમાર રાવલ**
CODE No. GJ 01095
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ઊંઝા.

---

દંડ રૂ............. અંકે રૂપિયા.................. પુરા પાવતી નં.......... ઉપર વસુલ આવેલ છે.

તારીખ– ૧૪/૦૩/૨૦૨૬.

નાઝર
મુખ્ય સિનીયર સિવિલ કોર્ટ,
ઊંઝા.